# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૯/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સીઇઓ)

---

# ફૂડ ઇન્ડસ્ટ્રીમાં લોકેશન અને ચલણનો ઊંડો અભ્યાસ કરી જ રોકાણ કરવુ યોગ્ય

**'ફૂડ ઇન્ડસ્ટ્રીમાં રોકાણની તકો અને એના ભવિષ્ય' વિશે ચેમ્બર દ્વારા ઇન્ટરેકટીવ સેશન**

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આંત્રપ્રિન્યોર લોન્જના ભાગરૂપે સોમવારે, તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નાનપુરા સમૃદ્ધિ ખાતે 'ફૂડ ઇન્ડસ્ટ્રીમાં રોકાણની તકો અને એના ભવિષ્ય' વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ હતુ. જેમાં સુગર એન્ડ સ્પાઇસના માલિક શ્રી સંદીપ ડાવરે ફૂડ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કર્યા બાદ પોતાના સારા – નરસા અનુભવો વાગોળી સફળ થવા માટેના વિવિધ પાસાઓ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઇએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે ચેમ્બર દ્વારા આંત્રપ્રિન્યોર્સને પ્લેટફોર્મ પુરુ પાડવાની પહેલ કરવામાં આવી છે. આંત્રપ્રિન્યોર્સ લોન્જ કાર્યક્રમના ભાગરૂપે ફૂડ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માગતા યુવાઓને માર્ગદર્શન મળી રહે તે માટે આજના સેશનનો વિષય પસંદ કરવામાં આવ્યો છે.

શ્રી સંદીપ ડાવરે જણાવ્યુ હતુ કે ફૂડ એ થર્ડ મોસ્ટ ગ્લેમર ઇન્ડસ્ટ્રી છે. બિઝનેસમાં સફળતા અને નિષ્ફળતા બધાને લાગુ પડે છે. ફૂડ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરતા પહેલા લોકેશન અને ચલણનો ઉંડો અભ્યાસ કરવો જરૂરી છે. મારી પાસે ફોરેનના બ્રાન્ડ્સ છે પણ ભારતમાં એનુ ચલણ નથી. હાલમાં યુવાઓ પૂણે, બેંગ્લોર અને હૈદરાબાદથી ભણીને સુરતમાં આવી રહયા છે અને રેસ્ટોરન્ટ ખોલી રહયા છે. પણ ફૂડ ઇન્ડસ્ટ્રીમાં હવે એક લિમિટેશન આવી ગયુ છે. લોકોને હવે નવુ જોઇએ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે રેસ્ટોરન્ટમાં ઇન્વેસ્ટ કરનારા રોકાણકારો માર્કેટની ધારણા કરતા ઊંધા સાબિત થઇ રહયા છે. એક અંદાજ મુજબ ૬૦થી ૭૦ ટકા રોકાણકારો રેસ્ટોરન્ટ બંધ કરવાની સ્થિતિમાં છે. એની પાછળ કારણો પણ છે. સુરતમાં જમીન મોંઘી થઇ રહી હોવાથી રેસ્ટોરન્ટનું ભાડુ બે – ત્રણ લાખમાં આવે છે. રોકાણકારોને ભાડુ ભરવાની સાથે ખર્ચા કાઢીને પ્રોફીટ કરવાનુ અઘરુ થઇ ગયુ છે. બિઝનેસ સસ્ટેન અને મેઇન્ટેન કરવામાં મુશ્કેલી વધતી જઇ રહી છે. આથી ફૂડ ઇન્ડસ્ટ્રીમાં રોકાણકારોને માર્કેટ અને સમયની સાથે ચાલવુ પડશે. સુરતમાં ચાર કલાકમાં દાળવાળા સમોસા વેચીને સારી કમાણી રળી લેતા લોકો પણ છે. જયારે ટેસ્ટી વડાપાવ વેચનારા વેપારી સારુ ટર્નઓવર ધરાવે છે. અંતે તેમણે સુગર એન્ડ સ્પાઇસ શરૂ કરતા પહેલા તથા ચાલુ કર્યા બાદ ધંધામાં પડેલી મુશ્કેલીઓ સહિતનો પોતાનો અનુભવ લોકો સાથે શેર કર્યો હતો.

ચેમ્બરના ઇન્ટરેકટીવ સેશનમાં ઇવેન્ટ એન્ડ પ્રોગ્રામ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. સેશનમાં વકતાશ્રીએ લોકોના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.